# ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન

નં. GULM/તાલીમ /ટેન્ડર/2017-18/ 7007 તા.08/08/2017

પ્રતિ,
પ્રમુખ/ટ્રસ્ટીઓ
સંસ્થાઓ.....(પસંદગી પામેલ તમામ)

વિષયઃ દીનદયાલ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર ઘટક માટે નો કરારખત બાબત

સંદર્ભઃ (૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંકઃGULM/તાલીમ/2017-18/6932-7006,તા.05/08/2017

દીનદયાલ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર ઘટક અંતર્ગત ગુજરાત રાજ્યની ૮ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓમાં તાલીમની કામગીરી માટે આપની તાલીમ એજન્સી સાથે એમ્પેનલમેન્ટ પ્રક્રિયા મુજબ કરારખત કરવાના થાય છે.

સંદર્ભદર્શિત પત્ર(૧)થી આપને જણાવવામાં આવેલ છે. કે આપની સંસ્થા સાથે રાજ્ય કક્ષાએથી કરારખત કરવા માટે ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર ખાતે જરૂરી પ્રમાણપત્રો સાથે તા.09/08/2017 (બુધવાર) કે ત્યાર બાદ એક અઠવાડીયા સુધીમાં (તા.09/08/2017 થી તા.16/08/2017 સુધીમાં) અત્રેની કચેરીમાં કરારખત કરવા માટે હાજર રહેવાનું જણાવેલ છે.

વધુમાં જણાવવાનું કે, સંસ્થા દ્વારા આપવાની થતી રૂ.50,000 કે તેથી વધારેની સીક્યુરીટી ડીપોઝીટ ( (i) બેંક ગેરંન્ટી(BG) ઓછામાં ઓછી ૨ વર્ષની સમયમર્યાદાવાળી / (ii) ફીકસ ડીપોઝીટ રીસીપ્ટ(FDR) મિશન ડાયરેકટર, ગુજરાત શહેરી આજિવિકા મિશન, ગાંધીનગરના નામે તથા ઓછામાં ઓછી ૨ વર્ષની સમયમર્યાદાવાળી/ (iii) ડીમાન્ડ ડ્રાફ્ટ (ડી.ડી.) મિશન ડાયરેકટર, ગુજરાત શહેરી આજિવિકા મિશન, ગાંધીનગરના નામે આપવાની રહેશે. તેમજ, કરારખત કરવા માટે રૂ. ૧00/- નો સ્ટેમ્પ પેપર સાથે લાવવાનો રહેશે.

આપની એજન્સી સાથે કરારખત કરવા માટે ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર ખાતે ૧૧.00 થી 0૫.00 સુધીના સમયગાળામાં હાજર રહેવા વિનંતી છે.

ડેપ્યુટી મિશન ડાયરેક્ટર
ગુજરાત શહેરી આજીવિકા મિશન

પ્રથમ માળ, જી.એમ.એફ.બી. બિલ્ડીંગ, સેકટર-૧૦/એ, ગાંધીનગર, ગુજરાત-૩૮૨ ૦૧૦ ફોન : ૦૭૯-૨૯૭૫૦૨૮૩
Email : nulm.gujarat@gmail.com

# ગુજરાત અર્બન લાઈવલીહુડ મિશન

નં. જી.ય.એલ.એમ./તાલીમ/૨૦૧૭-૧૮/8174 તા.૧૮/૦૮/૨૦૧૭

પ્રતિ,

1) કમિશનરશ્રી, તમામ મહાનગરપાલિકા
2) કલેકટરશ્રી, ડાંગ સિવાયના તમામ જીલ્લાઓ
3) ચીફ ઓફીસરશ્રી, તમામ નગરપાલિકા,
4) પ્રોજેક્ટ ઓફિસરશ્રી, તમામ મહાનગરપાલિકા

**વિષય:** કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર ઘટક અંતર્ગત તાલીમ સંસ્થાઓની પસંદગી બાબત

**સંદર્ભ:** અત્રેની કચેરીના પત્ર ક્રમાંક:GULM/AAP/લક્ષ્યાંક/૨૦૧૭-૧૮/૧૯૪૭,તા.૨૭/૦૪/૨૦૧૭

શ્રીમાન,

દીનદયાલ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશન અંતર્ગત કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર ઘટક અંતર્ગત ગુજરાત રાજયની ૦૮ મહાનગરપાલિકાઓ અને ૧૬૨ નગરપાલિકાઓમાં તાલીમની કામગીરી માટે ઓનલાઇન એમ્પેનલમેન્ટ પ્રક્રિયાથી તાલીમ સંસ્થાઓની પસંદગી કરવામાં આવેલ છે. 73 તાલીમ સંસ્થાઓ સાથે રાજય કક્ષાએથી ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર ખાતે તા.09/08/2017 થી તા.16/08/2017 સુધીમાં કરારખત કરવામાં આવેલ છે. તેમજ, સંદર્ભ દર્શિત પત્રથી વર્ષ ૨૦૧૭-૧૮ માટેના લક્ષ્યાંકોની ફાળવણી કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય કૌશલ્ય તાલીમ સંવર્ધન કોર્પોરેશન (NSDC) દ્વારા ગુજરાત રાજયમાં સર્વે હાથ ધરી જીલ્લાવાર જે કોર્ષ માટે તાલીમ આપવાની આવશ્યકતાના આધારે રોજગારી ઉભી કરી શકાય તેવી શક્યતા છે તેવા તાલીમ કોર્ષ અને રોજગારી માટેની વિગતો જિલ્લાવાર તૈયાર કરવામાં આવેલ છે. તે મુજબ અને નેશનલ સ્કીલ કોલીફીકેશન ફ્રેમવર્ક (NSQF) અનુરૂપ કોર્ષોની પસંદગી કરવાની રહેશે.

કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર ઘટક માટે નગરપાલિકા/મહાનગપાલિકાઓ દ્વારા નીચે મુજબની કામગીરી કરવાની રહેશે.

પ્રથમ માળ, જી.એમ.એફ.બી. બિલ્ડીંગ, સેકટર-૧૦/એ, ગાંધીનગર, ગુજરાત-૩૮૨ ૦૧૦ ફોન : ૦૭૯-૨૯૭૫૦૨૮૩
Email : nulm.gujarat@gmail.com

1. તાલીમી સંસ્થા જે શહેરમાં તાલીમ વર્ગ શરૂ કરવાના હોય તે શહેરમાં તાલીમ સેન્ટરની વિગતો (ફોટોગ્રાફ સાથે), લાભાર્થીઓની વિગતો, કોર્ષ ની વિગતો તેમજ તાલીમબાદ લાભાર્થીઓને રોજગારીની વિગતો સાથે નગરપાલિકા/મહાનગરપાલિકા ને દરખાસ્ત રજુ કરવામાં આવશે.

2. દરખાસ્ત મળ્યાના દિન -૭ માં ન.પા/મ.ન.પા. દ્વારા સંસ્થાના તાલીમ સેન્ટર પર અચૂક મુલાકાત લઇ **એનેક્ષર-1** માં દર્શાવેલ ધારા-ધોરણ મુજબ ચકાસણી કરી તેઓની દરખાસ્ત અનુસંધાને નગરપાલિકામાં ચીફ ઓફીસરશ્રી અને મહાનગરપાલિકામાં નાયબ મ્યુનિસિપલ કમીશનરશ્રી ના અભિપ્રાય સાથે ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગરને મંજુરી અર્થે રજુ કરવાની રહેશે.

3. નેશનલ કાઉન્સીંગ ફોર વોકેશનલ ટ્રેનીંગ (એન.સી.વી.ટી.) અને **એનેક્ષર-1** મુજબના ધારા-ધોરણ અનુસારની તાલીમ સુવિદ્યા જેવીકે, મકાન, જમીન, યંત્ર/સાધન સામગ્રી, ફર્નીચર, થ્રી ફેઝ પાવર સપ્લાય અને નિયત લાયકાત ધરાવતો સ્ટાફ ઉપલબ્ધ કરવાનો રહેશે તથા નોર્મ્સ મુજબની સુવિદ્યાઓ જાળવી ધારા-ધોરણ અનુસારની તાલીમ સુવિદ્યા મુજબની સુવિદ્યાઓ એફીલીએટેડ બેચ માટે તાલીમી સંસ્થા દ્વારા જાળવી રાખવાની રહેશે.

4. ત્યારબાદ, નગરપાલિકા/મહાનગરપાલિકાઓ દ્વારા મળેલ અભિપ્રાય સાથેની દરખાસ્તને ધ્યાને લઈને ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર દ્વારા સંસ્થાને મંજુરી અને online MIS સીસ્ટમ માટેના સંસ્થાના ID-PASSWORD આપવામાં આવશે.

5. નગરપાલિકા/મહાનગરપાલિકામાં મળેલ લાભાર્થીઓની અરજીઓ તેમજ સંસ્થા દ્વારા શોધવામાં આવેલ લાભાર્થીઓને નગરપાલિકા/મહાનગરપાલિકા દ્વારા યોજનાની માર્ગદર્શિકા મુજબ મંજુરી આપવાની રહેશે અને લાભાર્થીઓની ઓનલાઈન MIS પોર્ટલ પર બેચ બનાવી તાલીમ ચલાવવાની મંજુરી આપવાની રહેશે.

6. નગરપાલિકા/મહાનગરપાલિકા દ્વારા તાલીમી સંસ્થાની મુલાકાત લઇ અને લાભાર્થીઓનું મોનીટરીંગ કરવાનું રહેશે.

7. કૌશલ્ય તાલીમ અને સ્થળ-નિર્ધારણ દ્વારા રોજગાર કાર્યક્રમ અંતર્ગત ફાળવવામાં આવેલ કુલ લાભાર્થીઓ પૈકી ઓછામાં ઓછું ૩૦% ઉમેદવારો મહિલાઓ હોવી જોઈએ. ઓછામાં ઓછું ૧૫% ઉમેદવારો લઘુમતી કોમની હોવી જોઈએ અને ઓછામાં ઓછું ૩% ઉમેદવારો વિકલાંગો હોવા જોઈશે. અલબત્ત, વ્યાપાર અને અમલના ક્ષેત્રના આધારે, ઉપર જણાવેલ ન્યૂનતમ ટકાવારીની જરૂરિયાતની પરિપૂર્તિ ન કરી શકાય તો સામાન્ય તાલીમ કાર્યક્રમ થકી તે પૂરી કરી શકાય. સ્ટેટ અર્બન લાઈવલીહૂડ મિશન ઉપર જણાવેલ, સમાજના નબળા વર્ગના ઉમેદવારો માટે ખાસ તાલીમ કાર્યક્રમ યોજી શકશે.

8. તાલીમ સંસ્થા પાસેથી પ્રતિદિન લઘુત્તમ ૪ કલાક અને મહત્તમ ૮ કલાક સુધીના સમયગાળામાં તાલીમ આપાવવાની રહેશે. તેમજ વખતોવખતની સુચના અનુસાર ફાળવણીની કામગીરી કરાવવાની રહેશે

9. ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.), નેશનલ કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી.) અને સેક્ટર સ્કીલ કાઉન્સિલ (એસ.એસ.સી.) ના નેશનલ સ્કીલ કોલીફીકેશન ફ્રેમવર્ક (NSQF) અનુરૂપ કોર્ષો માટે માન્ય પ્રમાણપત્રો તાલીમી સંસ્થા દ્વારા કરાવવાની રહેશે અને સમગ્ર મુલ્યાંકન અને પ્રમાણીકરણની પ્રક્રિયાનું મ.ન.પા./ન.પા. દ્વારા નિરીક્ષણ કરવાનું રહેશે.

10. રોજગારી મેળવેલ લાભાર્થીઓ પાસેથી નિમણુક પત્ર,પગારની પહોચ, બચત ખાતાનું બેન્ક સ્ટેટમેન્ટ વગેરે રજુ કરવાના રહેશે અથવા નગરપાલિકા/મહાનગરપાલિકા અને ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર દ્વારા અન્ય કોઇ પુરાવા માંગે તો તે તાલીમી સંસ્થા દ્વારા રજુ કરવાના રહેશે.

11. તાલીમાર્થીઓનો તાલીમ વર્ગ શરૂ કરવા માટે તાલીમાર્થીઓનું લિસ્ટ, તાલીમાર્થીઓના રહેઠાણનો પુરાવો, કોર્ષ મુજબની લાયકાત અને ઉંમર, ચૂટણી કાર્ડ /આધાર કાર્ડ સાથે મ.ન.પા. /ન.પા. ના પ્રોજેકટ/ચીફ ઓફિસર પાસે ખરાઈ કરાવવાનું રહેશે.

12. તાલીમી સંસ્થાએ પોતાના તાલીમી સ્થળે વિઝીટ બુક નિભાવવાની રહેશે. જેમાં મ.ન.પા./ ન.પા. ના ઓફિસરશ્રી/સક્ષમ અધિકારીની મુલાકાતની નોંધ રાખવાની રહેશે.

13. ઓનલાઇન એમ્પેનલમેન્ટ પ્રક્રિયાથી પસંદ થયેલ ૭૩તાલીમી સંસ્થાના કરારની મુદત તા.૩૧/૦૩/૨૦૧૮ સુધીની રહેશે ત્યારબાદ કરેલ કામગીરીની સમીક્ષા કરીને આગળના વર્ષ માટે કામગીરી સોંપવા નિર્ણય ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર દ્વારા કરવામાં આવશે.

14. નગરપાલિકા અને મહાનગરપાલિકાએ કૌશલ્ય તાલીમની જાણ ઉમેદવારોને વર્તમાનપત્ર / સ્થાનિક પ્રચાર ઝુંબેશ દ્વારા કરવાની રહેશે તથા સ્થાનિક કક્ષાએ ઉમેદવાર મિશન અંતર્ગત કોઈ તાલીમ મેળવવા માંગે તો તેને અરજી સ્વીકારવાની રહેશે અને આ અંગેનું રજિસ્ટર નિભાવવાનું રહેશે. રજીસ્ટરમાં ઉમેદવારોનું નામ, સરનામું, મોબાઇલ નં., ઇમેલ એડ્રેસ, શિક્ષણ, બી.પી.એલ.નું ધોરણે વિગેરે નોંધવાનું રહેશે.

15. તાલીમી ઉમેદવારોની બેંક ખાતની વિગતો જેવીકે, એકાઉન્ટ નંબર, આઇ.એફ.એસ.સી.કોડ, બેંકનું નામ, બ્રાન્ચનું નામ વગેરે વિગતો તાલીમી સંસ્થાએ મહાનગરપાલિકા/નગરપાલિકાને રજુ કરવાની રહેશે અને ત્યાર બાદ મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા બેંક ખાતની વિગતોની ખરાઇ કરીને ગુજરાત શહેરી આજીવિકા મિશન,ગાંધીનગરને પરિવહન ખર્ચ અને તાલમ પૂર્ણ થયા બાદની સહાય માટે મોકલવાની રહેશે.

16. મહાનગરપાલિકા/નગરપાલિકા દ્વારા ભારત સરકારશ્રી, ગુજરાત સરકારશ્રી અને ગુજરાત શહેરી આજીવિકા મિશન, ગાંધીનગર દ્વારા દીન દયાલ અંત્યોદય યોજના- રાષ્ટ્રીય શહેરી આજીવિકા મિશનના કૌશલ્ય તાલીમ અને સ્થળ નિર્ધારણ દ્વારા રોજગાર ઘટકની માર્ગદર્શક સુચનાઓ, કરારખતમાં દર્શાવેલ સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરી તાલીમી સંસ્થા પાસેથી તાલીમની કામગીરી કરાવવાની રહેશે.

17. તાલીમ સંસ્થાએ ચુકવણાની દરખાસ્ત અને બીલ ગુજરાત શહેરી આજીવિકા મિશન,ગાંધીનગરને રજુ કરવાને રહેશે.

  - સંસ્થાએ પ્રથમ હપ્તાના ચુકવણાની દરખાસ્ત સાથે તાલીમાર્થીઓ યોગ્ય છે અને તાલીમવર્ગ સંતોષજનક રીતે ચાલી રહી હોવાના નગરપાલિકામાં ચીફ ઓફીસરશ્રી અને મહાનગરપાલિકામાં નાયબ મ્યુનિસિપલ કમીશનરશ્રીના પ્રમાણપત્ર (ગુપ ફોટો સાથે) ગુજરાત શહેરી આજીવિકા મિશન,ગાંધીનગરને પ્રથમ હપ્તાનું બીલ રજુ કરવાનું રહેશે.

- સંસ્થાએ બીજા હપ્તાના ચુકવણાની દરખાસ્ત સાથે વર્ગ સારી રીતે પૂર્ણ કરેલ, તાલીમાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવેલ અને કરારખત મુજબ રોજગારી અપાવેલ છે તેવું નગરપાલીકામાં ચીફ ઓફીસરશ્રી અને મહાનગરપાલિકામાં નાયબ મ્યુનિસિપલ કમીશનરશ્રીના પ્રમાણપત્ર (ગ્રુપ ફોટો સાથે) ગુજરાત શહેરી આજીવિકા મિશન,ગાંધીનગર ને બીજા હપ્તાનું બીલ રજુ કરવાનું રહેશે.

તેમજ, ઓનલાઇન એમ્પેનલમેન્ટ પ્રક્રિયાથી પસંદ થયેલ ૭૩તાલીમી સંસ્થાઓનું લીસ્ટ અને મોડેલ કરારખત આ સાથે સામેલ કરેલ છે.

મિશન ડાયરેક્ટર
ગુજરાત શહેરી આજીવિકા મિશન

નકલ રવાના: (ઇમેલ દ્વારા)

(1) જિલ્લા મ્યુનિસિપલ અધિકારીશ્રી, જિલ્લા શહેરી વિકાસ એજન્સી(ડુડા), તમામ જીલ્લા
(2) ઓનલાઇન એમ્પેનલમેન્ટ પ્રક્રિયાથી પસંદગી પામેલ 73 એજન્સી